બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો
અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તથા
બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ
અધિકારના નિયમ-
૨૦૧૨માં નબળા અને વંચિત જૂથના
બાળકોને બિનઅનુદાનિત પ્રાથમિક શાળામાં
૨૫ ટકા પ્રવેશ આપવાની જોગવાઇ કરવા
બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-ખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ-૨૩/૦૫/૨૦૧૩

**વંચાણમાં લીધા :-**

(૧) ભારત સરકારના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ(આરટીઇ એકટ), ૨૦૦૯
(૨) શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૦૨/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક જીએચ/એસએચ/૪/પીઆરઇ/૧૨૨૦૧૦/જીઓઆઇ-૧૦/ક
(૩) શિક્ષણ વિભાગના તારીખ ૨૨/૦૫/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક-જીએસએચ/એસએચ/૪/પીઆરઇ/૧૨૨૦૧૦/જીઓઆઇ-૧૦/ક

**પ્રસ્તાવના :-**

બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ ૨૦૧૨ માં નબળા અને વંચિત જુથના બાળકોને બિન-અનુદાનિત પ્રાથમિક શાળામાં ૨૫ ટકા પ્રવેશ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની કલમ-૧૨ ની જોગવાઇ :-

(૧) આ અધિનિયમના હેતુસર, શાળા -
 (ક) તેમાં દાખલ કરેલા બધા વિધાર્થીઓને કલમ-૨ ના પેટા ખંડ(૧) માં નિર્દિષ્ટ કરેલ મફત અને ફરજીયાત શિક્ષણ પુરુ પાડશે :
 (ખ) તેમાં દાખલ કરેલા બાળકોના અમુક પ્રમાણને ઓછામાં ઓછા પચીસ ટકાને આધીન રહીને તેના વાર્ષિક આવર્તક ખર્ચ માટે મળેલી તેની વાર્ષિક આવર્તક સહાય અથવા ગ્રાન્ટ તરીકે કલમ-૨ ના ખંડ (થ) ના પેટા-ખંડ(૨) માં

નિર્દિષ્ટ કરેલ મફત અને ફરજીયાત, પ્રાથમિક શિક્ષણ પુરુ પાડશે.

(ગ) નબળા વર્ગના અને વંચિત બાળકોને નજીકની શાળામાં તે વર્ગના બાળકોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા પચીસ ટકા બાળકોને કલમ-૨ ના ખંડ(થ) ના પેટા-ખંડ(૩) અને (૪) માં નિર્દિષ્ટ કરેલ ધોરણ-૧ માં દાખલ કરશે અને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પુરુ થતાં સુધી તે શિક્ષણ પુરુ પાડશેઃ પરંતુ વધુમાં કલમ-૨ ના ખંડ(થ)માં નિર્દિષ્ટ કરેલી શાળા પુર્વ-શાળા શિક્ષણ પુરુ પાડતી હોય ત્યાં આવી પુર્વ-શાળા શિક્ષણમાં પ્રવેશ માટે ખંડ(ક) થી (ગ) ની જોગવાઇઓ લાગુ પડશે.

(૨) પેટા કલમ(૧) ખંડ(ગ)માં નિર્દિષ્ટ કર્યા મુજબ મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પુરુ પાડતી કલમ-૨ ના ખંડ(થ) ના પેટા-ખંડ(૪) માં નિર્દિષ્ટ કરેલી શાળા, રાજયે કરેલ બાળક દીઠ ખર્ચના પ્રમાણમાં અથવા બાળક પાસેથી ચાર્જ કરેલ ખરેખર રકમ એ બેમાંથી ઓછી હોય તેટલી રકમ નિયત કરવામાં આવે તે રીતે ભરપાઇ કરશેઃ

પરંતુ આવી ભરપાઇ કરવાની રકમ કલમ-૨ ના ખંડ(થ) ના પેટા ખંડ-૧ ના નિર્દિષ્ટ કરેલા બાળકદીઠ ખર્ચ કરતાં વધશે નહીં.

પરંતુ વધુમાં, કોઇ જમીન, મકાન, સાધનસામગ્રી અથવા બીજી સગવડો વિના મુલ્યે અથવા રાહતના દરે મેળવી હોવાના કારણે બાળકોની નિર્દિષ્ટ સંખ્યાને મફત શિક્ષણ પુરું પાડવાની જવાબદારી આવી શાળા ધરાવતી હોય ત્યાં આવી શાળા આવી જવાબદારીના પ્રમાણમાં રકમ ભરપાઇ મેળવવા હકદાર રહેશે નહીં.

(૩) દરેક શાળા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રને જરુરી હોય તેવી માહિતી પુરી પાડશે.

નબળા વર્ગના અને વંચિત બાળકોને નજીકની શાળામાં તે વર્ગના બાળકોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૨૫ % બાળકોને નિર્દિષ્ટ કરેલ શાળા ધોરણ-૧ માં દાખલ કરશે અને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પુરું પાડશે.

નિર્દિષ્ટ કરેલ શાળા, રાજયે કરેલ બાળક દીઠ ખર્ચના પ્રમાણમાં અથવા બાળક પાસેથી ચાર્જ કરેલ ખરેખર રકમ એ બે માંથી ઓછી હોય તેટલી રકમ નિયત કરવામાં આવે તે રીતે પરત મેળવશે.

બાળકોને નિઃશુલ્ક અને ફરજીયાત શિક્ષણ અધિકાર બક્ષતો ધારો-૨૦૦૯ અન્વયે ગુજરાત સરકારે ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધાર) બિલ-૨૦૧૦ વિધાનસભામાં પસાર કરીને રાજયમાં તા. ૦૧/૦૪/૨૦૧૦ થી રાઇટ ટુ એજયુકેશન એકટનો અમલ કરેલ છે. તેથી આ એકટ મુજબ નબળા અને વંચિત જુથના ૨૫ % બાળકોને ધોરણ-૧ માં પ્રવેશ આપવાનો થાય.

તે જ પ્રમાણે ગુજરાત બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ-૨૦૧૨ ના નિયમ-૧૧ માં બિનસહાયીત શાળાઓમાં નબળા વર્ગોના અને વંચિત જુથના બાળકોના પ્રવેશ બાબતે જોગવાઇઓ કરેલ છે.

(૧) જે બાળકોનો અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતીઓ અને અન્ય પછાત વર્ગોના હોય તે બાળકોનો નબળા વર્ગો અને વંચિત જુથોમાં સમાવેશ થશે અને જેના માટે કોઇપણ સમુચિત સત્તામંડળના પ્રમાણપત્ર મારફત રાજય સરકાર ધ્વારા આવા ખાસ દરજ્જાની માન્યતા પુરતી રહેશે. જે બાળકોના કુટુંબોનો તે ખાસ સમયે, (બી.પી.એલ.) ગરીબી રેખા હેઠળ આવતી કુટુંબોની યાદીઓમાં દાખલ કરેલા હોય તેવા કુટુંબના બાળકો, આર્થિક રીતે નબળા વર્ગોના કુટુંબોના બાળકો ગણાશે.

(૨) નિયામક આવા પ્રવેશ માટે માર્ગદર્શીકાઓ બહાર પાડશે, જેને શાળાઓએ ફરજીયાત પણે અનુસરવાની રહેશે.

(૩) ખાસ વર્ગના બાળકોનો અન્ય બાળકો સાથે સમન્વય સાધવા માટે શાળા વ્યવસ્થાપક મંડળે, ખાસ વર્ગના બાળકો માટેની ખાસ તાલીમ હાથ ધરવી જોઇશે. વ્યાવસાયિકપણે યોજાતી તાલીમો મારફત આ બાળકોના યોગ્ય સમન્વય માટે શિક્ષકો અને શાળા વ્યવસ્થાપન મંડળને, સુગ્રાહી બનાવવા જોઇશે.

(૪) ખાસ વર્ગના બાળકો માળખાકીય સગવડો, અભ્યાસપૂરક પ્રવૃત્તિઓની પ્રાપ્તિ અથવા શિક્ષકો, વ્યવસથાપક મંડળ અને/અથવા વિધાર્થીઓના (ખાસ વર્ગના બાળકો પ્રત્યેના) વર્તનના સંબંધમાં કોઇપણ સંજોગોમાં, ખાસ વર્ગના બાળકો પ્રત્યે કોઇ ભેદભાવ રાખવો જાઇશે નહીં. આ નિયમનું ગંભીર પ્રકારનું ઉલ્લંઘન થયે, માન્યતા પાછી ખેંચી લઇ શકાશે.

(૫) નિયમ-૫ ના પેટા-નિયમ(૨) માં નિર્દિષ્ટ કરેલા નજીકના વિસ્તારો અથવા હદો, કલમ-૧૨ ની પેટા-કલમ (૧) ના ખંડ (ગ) અનુસાર આપેલા હોય તેવા પ્રવેશને લાગુ પડશે.

પરંતુ શાળા, કલમ (૧૨) પેટા-કલમ-(૧) ના ખંડ (ગ) માં ઉલ્લેખેલા બાળકો માટેની બેઠકોની આવશ્યક ટકાવારી ભરવાના હેતુઓ માટે, રાજય સરકારની પુર્વ મંજુરીથી આ હદો લંબાવી શકશે.

બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિનિયમ-૨૦૦૯ તથા ગુજરાત બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકારના નિયમો ૨૦૧૨ ની ઉપર્યુકત જોગવાઇઓના અમલીકરણ માટે રાજય સરકાર ધ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠ રા વ ::-</u>**

આ યોજના પ્રાયોગિક ધોરણે આઠ મહાનગરપાલિકાઓ માટે દાખલ કરવામાં આવે છે. પ્રાયોગિક ધોરણે હાલની ૮ મહાનગરપાલિકાઓમાં આશરે

૫૩૦૦ બાળકો માટે આ યોજનાનો અમલ કરવામાં આવશે અને આ વિદ્યાર્થી સંખ્યા મહાનગરપાલિકામાં નીચે મુજબ ફાળવવામાં આવશે.

| જિલ્લો | બાળકોની સંખ્યા | જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૦૦ | ભાવનગર | ૨૫૦ |
| સુરત | ૧૦૦૦ | જામનગર | ૨૫૦ |
| વડોદરા | ૮૦૦ | જુનાગઢ | ૨૫૦ |
| રાજકોટ | ૫૦૦ | ગાંધીનગર | ૨૫૦ |

૧. સંક્ષિપ્ત શીર્ષક અને પ્રારંભ :- આ હુકમ ગુજરાત નબળા વર્ગ અને વંચિત જુથના વિધાર્થીઓને વિના મુલ્યે શિક્ષણના હુકમ, ૨૦૧૨ તરીકે ઓળખાશે.

(ક) આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યાઓ - આ હુકમમાં અન્ય સંદર્ભ ન હોય તો,**

(ક) અધિનિયમ એટલે બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકારનો અધિનિયમ, ૨૦૦૯

(ખ) પ્રવેશ વર્ગ એટલે પહેલું ધોરણ

(ગ) નબળા વર્ગનું બાળક એટલે જેના મા-બાપ/વાલીનો બી.પી.એલ. કુટુંબમાં સમાવેશ થયેલ હોય અથવા જેની વાર્ષિક આવક સરકાર ધ્વારા જાહેરનામા/ઠરાવથી નિયત કરેલ હોય તેના કરતાં ઓછી હોય.

બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે વિભાગના તા. ૧૮/૨/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક :- જીએચ/એસએચ૪/પીઆરઇ/૧૨૨૦૧૦/જીઓઆઇ-૧૦/કે ના નિયમ-૧૧ ના પરંતુક (૧) માં બિનસહાયિત શાળાઓમાં નબળા વર્ગોના અને વંચિત જુથના બાળકોના પ્રવેશ બાબત નીચે પ્રમાણેની જોગવાઇ છે.

જે બાળકોનો અનુસૂચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કુટુંબોના હોય તે બાળકોનો નબળા વર્ગો અને વંચિત જૂથોમાં સમાવેશ થશે અને જેના માટે કોઇપણ સમુચિત સત્તામંડળના પ્રમાણપત્રો મારફત રાજય સરકાર ધ્વારા આવા ખાસ દરજજાની માન્યતા પુરતી રહેશે. જે બાળકોના કુટુંબોને તે ખાસ સમયે, (બીપીએલ) ગરીબી રેખા હેઠળ આવતી કુટુંબોની યાદીઓમાં દાખલ કરેલા હોય તેવા કુટુંબોના બાળકો, આર્થિક રીતે નબળા વર્ગોના કુટુંબોના બાળકો ગણાશે.

(ઘ) યોજના હેઠળ શાળામાં પ્રવેશ આપવા માટે વંચિત જુથ અને નબળા વર્ગ જુથના બાળકોની વ્યાખ્યા :-

(૧) અનાથ બાળક

(૨) સંભાળ અને સંરક્ષણની જરુરીયાતવાળું બાળક (Child in Need of Care and Protection)
(૩) બાલગૃહ (Child Care Institute) ના બાળકો
(૪) બાળમજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો
(૫) મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી
(૬) ખાસ જરુરીયાતવાળા બાળકો ( CWSN ) વિકલાંગ શારીરિક રીતે
(૭) HIV થી અસરગ્રસ્ત બાળકો
(૮) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ
(૯) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગ

(ચ) જીલ્લા પ્રવેશ નિયમન સમિતિ એટલે દરેક જીલ્લામાં આ આદેશના ફકરા-૭ અંતર્ગત રચાયેલી જીલ્લા પ્રવેશ નિયમન સમિતિ.
(છ) શાળા એટલે શિક્ષણના અધિકારના અધિનિયમ-૨૦૦૯ ની કલમ-૨ ( N ) (iv) હેઠળ વ્યાખ્યાયિત કરેલ શાળા.
(જ) (૧) શાળાની પડોશનો વિસ્તાર : બાળકોના સંબંધમાં, નજીકના વિસ્તારના ચાલીને જઇ શકાય તેવું ૧ કિ.મી. નું અંતર.
(૨) ૧ કિ.મી. માં પર્યાપ્ત વિધાર્થીઓ ઉપલબ્ધ ન થાય તો, ૩ કિ.મી. સુધીનું અંતર
(૩) ૩ કિ.મી. માં પર્યાપ્ત વિધાર્થીઓ ઉપલબ્ધ ન થાયતો, ૬ કિ.મી. સુધીનું અંતર

## ૩. નબળા અને વંચિત જૂથોના વિધાર્થીઓ માટે વિના મુલ્યે બેઠકો :

(ક) તમામ શાળાઓ તેમના પડોશમાં આવેલ નબળા વર્ગો અને વંચિત જુથોના બાળકોને ધોરણ-૧ ના વર્ગની કુલ સંખ્યાના ઓછામાં ઓછા પચીસ ટકાની સંખ્યામાં ધોરણ-૧ (એક) માં પ્રવેશ આપશે અને તે બાળકોનો ધોરણ-૮ સુધીનો અભ્યાસ તે શાળામાં પુર્ણ થાય ત્યાં સુધી તેમને વિના મુલ્યે અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પુરુ પાડશે.
(ખ) પેટા ફકરા (ક) માં દર્શાવેલ વિના મુલ્યે બેઠકો પર પ્રવેશ અપાયેલા વિધાર્થીઓને શિક્ષણ આપવા માટે કોઇ અલગ કે સંપુર્ણ તેમનો જ હોય તેવા કોઇ વર્ગની કે તેવા વર્ગમાં ખસેડવાની ગોઠવણ કરી શકાશે નહીં.
(ગ) આવી વિના મુલ્યે બેઠકો પર પ્રવેશ અપાયેલ વિધાર્થીઓ પાસેથી કોઇ ટયુશન ફી કે અન્ય કોઇ પણ ચાર્જ કે ફી વસુલ કરી શકાશે નહીં.
(ઘ) આવી વિના મુલ્યે બેઠકો પર પ્રવેશ મેળવનાર વિધાર્થીઓ વચ્ચે અંદરોઅંદર કે આવા વિધાર્થીઓ અને અન્ય પેઇડ બેઠકો પર પ્રવેશ મેળવનાર વિધાર્થી વચ્ચે સગવડોની પ્રાપ્તિ, વ્યવહાર, વર્તણૂંક અને શાળાઓની સેવાઓની પ્રાપ્તિ સુધી પહોંચે સંદર્ભે કોઇ ભેદભાવ કરી શકાશે નહીં.
(ચ)ખાસ વર્ગના (CWSN - Children with Special Needs) બાળકનો અન્ય બાળકો સાથે સમન્વય સાધવા માટે શાળા વ્યવસ્થાપક

મંડળે, ખાસ વર્ગના બાળકો માટેની ખાસ તાલીમ હાથ ધરવી જોઇશે. વ્યાવસાયિકપણે યોજાતી તાલીમો મારફતે આ બાળકોના સમન્વય માટે શિક્ષકો અને શાળા વ્યવસ્થાપક મંડળને સુગ્રાહી બનાવવા જોઇશે.

(છ) ખાસ વર્ગના (CWSN) બાળકોને માળખાકીય સગવડો, અભ્યાસ પૂરક પ્રવૃત્તિઓની પ્રાપ્તિ અથવા શિક્ષકો, વ્યવસ્થાપક મંડળ અને/અથવા વિધાર્થીઓના (ખાસ વર્ગના બાળકો પ્રત્યેના) વર્તન સંબંધમાં કોઇપણ સંજોગોમાં, ખાસ વર્ગના બાળકો પ્રત્યે ભેદભાવ રાખવો જોઇશે નહીં. આ નિયમનું ગંભીર પ્રકારનું ઉલ્લંઘન થયે શાળાની માન્યતા પાછી લઇ શકાશે.

## ૪. વિના મુલ્યે બેઠકો સામે પ્રવેશની રીત :

(ક) શાળા નિયત નમુનાના (આ સાથે સામેલ જોડાણ-૧ મુજબના) ફોર્મમાં તેના નોટીસબોર્ડ પર કુલ બેઠકોની સંખ્યા, પ્રવેશ કક્ષાએ પ્રાપ્ય વિના મુલ્યેની બેઠકોની સંખ્યા, પ્રવેશ કક્ષાએ વિના મુલ્યેની બેઠકો સામે પ્રવેશ માટે અરજી મોકલવાની છેલ્લી તારીખ, ડ્રો માટે પાત્ર ઉમેદવારોની યાદી, નોટીસબોર્ડ પર મુકવાની તારીખ, ડ્રોની તારીખ, પ્રવેશપાત્ર બાળકોની યાદી જાહેર કરવાની તારીખ, પ્રતિક્ષા યાદી નિર્દેશિત કરવાની તારીખ, ફી ભરવાની તારીખ, પ્રવેશની છેલ્લામાં છેલ્લી તારીખ વગેરે તેના નોટીસ બોર્ડ પર દેખાય તે રીતે મુકશે અને તેની વિગતો સંબંધીત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જીલ્લા શિક્ષણાધિકારીને પ્રવેશ કાર્યક્રમ શરુ થાય તે પહેલાં ૧૫ દિવસમાં રજુ કરવાની રહેશે.

(ખ) પ્રવેશ કક્ષાએ બેઠકોની કુલ સંખ્યા અથવા શાળાના કોઇ પણ અન્ય વર્ગમાં હોય તે બેઠકોની કુલ સંખ્યા કરતાં ઓછી હોવી જોઇશે નહીં.

(ગ) આ યોજના હેઠળ વંચિત જૂથના અને નબળા વર્ગના બાળકોને પ્રવેશ આપવામાં આવે તેમને નીચે જણાવેલ અગ્રતા મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

(૧) અનાથ બાળક
(૨) સંભાળ અને સંરક્ષણની જરુરીયાતવાળું બાળક(Child in Need of Care and Protection)
(૩) બાલગૃહ (Child Care Institute) ના બાળકો
(૪) બાળમજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો
(૫) મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી
(૬)ખાસ જરુરીયાતવાળા બાળકો ( CWSN) વિકલાંગ શારીરિક રીતે
(૭) HIV થી અસરગ્રસ્ત બાળકો
(૮) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ

૮.૧ જે બાળકના માતા-પિતા/વાલી જો ગરીબી રેખા (બી.પી.એલ.યાદીમાં) આવતા ન હોય તો તેમના કિસ્સામાં શહેરી

વિસ્તાર માટે રુા.૩૬,૦૦૦/- (અંકે રુપિયા છત્રીસ હજાર પુરા) અને ગ્રામ્ય વિસ્તાર માટે રુા.૨૭,૦૦૦/- (અંકે રુપિયા સત્યાવીસ હજાર પુરા) ની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને રાખીને પ્રથમ સૌથી ઓછી આવકવાળી વ્યકિતના બાળકને પ્રવેશમાં અગ્રતા આપવાની રહેશે.

૮.૨ તે જ રીતે બીજા ક્રમમાં પ્રવેશ અગ્રતા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ધોરણો પ્રમાણે રુ. ૨/- લાખ(અંકે રુપિયા બે લાખ પુરા) સુધીની કૌટુંમ્બીક વાર્ષિક આવક ધરાવતા કુટુંબોના બાળકોમાંથી સૌથી ઓછી આવક ધરાવતા બાળકોને પ્રવેશ આપવાનો રહેશે.

(૯) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગ.

૯.૧ વિચરતી અને વિમુકત જાતીને સૌથી અગ્રીમતા આપવામાં આવશે.

૯.૨ ગરીબી રેખા નીચે (બી.પી.એલ.યાદીમાં) આવતા કુટુંબોના બાળકોને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

૯.૩ જે બાળકના માતા-પિતા/વાલી જો ગરીબી રેખા (બી.પી.એલ.યાદીમાં) આવતા ન હોય તો તેમના કિસ્સામાં શહેરી વિસ્તાર માટે રુા.૩૬,૦૦૦/- (અંકે રુપિયા છત્રીસ હજાર પુરા) અને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭,૦૦૦/- (અંકે રુપિયા સત્યાવીસ હજાર પુરા) ની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને રાખીને પ્રથમ સૌથી ઓછી આવકવાળી વ્યકિતના બાળકને પ્રવેશમાં અગ્રતા આપવાની રહેશે.

(૧૦) ક્રમ-૧ થી ૯ માં ઉલ્લેખિત વર્ગના બાળકો ઉપલબ્ધ ના થાય અને આરક્ષિત જગ્યા ખાલી થવાનો સંયોગ ઉભા થાય એવા કિસ્સામાં જ ૧૦.૧ અને ૧૦.૨ વર્ગના બાળકોને પ્રવેશ આપવાનો રહેશે.

૧૦.૧ પ્રવેશ અગ્રતા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિભાગના ધોરણો પ્રમાણે રુા. ૨/- લાખ (અંકે રુપિયા બે લાખ પુરા) સુધીની કૌટુંમ્બીક વાર્ષિક આવક ધરાવતા અનુસૂચીત જાતી અને જનજાતીના કુટુંબોના બાળકોમાંથી સૌથી ઓછી આવક ધરાવતા બાળકોને આપવાની રહેશે.

૧૦.૨ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાં હાલ અમલ નીતિ મુજબ રુા. ૧/- લાખ (અંકે રુપિયા એક લાખ પુરા) સુધીની કૌટુંમ્બીક વાર્ષિક આવક ધરાવતા વિકસતી જાતી અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના કુટુંબોના બાળકોમાંથી સૌથી ઓછી આવક ધરાવતા બાળકોને અગ્રતા આપવાની રહેશે.

(ઘ) વિના મુલ્યેની બેઠક પર અરજી કરતા મા-બાપ/બાળકો પાસેથી પ્રોસ્પેકટસ ચાર્જ સહિતની કોઇ પણ નોંધણી ફી લઇ શકાશે નહીં. શાળાએ શિક્ષણ નિયામકે ઠરાવ્યા મુજબના સામાન્ય

પ્રવેશ ફોર્મ (જોડાણ-૨) વિના મુલ્યે પૂરા પાડવાના રહેશે. આ પ્રવેશ-ફોર્મ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએથી મેળવી શકાશે અથવા શિક્ષણ વિભાગની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે. મા-બાપે આ ફોર્મ મેળવીને આધારો સાથે સંબંધિત જીલ્લા શિક્ષણાધિકારીને રજુ કરવાના રહેશે.

(ચ) નબળા વર્ગના બાળકોને જે તે મહાનગરપાલિકામાં કેન્દ્રીયકૃત રીતે પ્રવેશ આપવાનું કાર્ય પ્રવેશ નિયમન સમિતિ કરશે. આ પ્રવેશ નિયમન સમિતિમાં નીચે પ્રમાણે સભ્યો રહેશે.

(૧) જીલ્લા શિક્ષણાધિકારી/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(૨) શાસનાધિકારી/નાયબ જીલ્લા શિક્ષણાધિકારી
(૩) સંબંધિત શાળાના સંચાલક/પ્રતિનિધિ
(૪) શાળાના આચાર્ય
(૫) પ્રવેશ માટેની શાળાના એક વાલી (અરજદારો પૈકીના)

- આ સમિતિમાં ક્રમ-૩ થી ૫ ના સભ્યો દરેક શાળા માટે બદલાતા રહેશે.
- જીલ્લા શિક્ષણાધિકારીએ નિયત થયેલા શાળામાં ૨૫ ટકા પ્રવેશ માટે જાહેરાત આપી આધારો સાથે અરજી મંગાવવાની રહેશે તેને રજીસ્ટરમાં નોંધવાની રહેશે અને અરજી મળયા અંગેની પહોંચ આપવાની રહેશે. (જોડાણ-૩)
- મળેલ અરજીઓને અગ્રતાના ક્રમે ગોઠવી અને જયાં જણાય ત્યાં યાદચ્છિક (ડ્રો) પધ્ધતિથી.

(છ) જો કોઇ બાળકની અરજી પુરતા આધારો સાથે નહીં હોય અને રદ થશે, તો તેને રદ કરવાના કારણોની નોંધ કરવામાં આવશે અને અરજદાર વિધાર્થીના મા-બાપને લેખિતમાં સંબંધિત જીલ્લા શિક્ષણાધિકારી ધ્વારા તેની જાણ કરવામાં આવશે..

(જ) વિના મુલ્યે પ્રવેશ અંતર્ગત ૨૫ ટકા બેઠકોની મર્યાદામાં પ્રવેશ પામેલ બાળકોની પ્રતિક્ષાયાદી સાથેની પ્રથમ યાદી તેની નિયત કરેલ તારીખે શાળાના નોટીસ બોર્ડ પર નિયુક્ત અધિકારી ધ્વારા પ્રમાણિત કરીને મુકવાની રહેશે.

(ઝ) વિના મુલ્યે અને સામાન્ય કક્ષા અંતર્ગત પ્રવેશ પામનાર બાળકોની યાદી ફ્રીશીપવાળા બાળકોની સામે (એફ) અને સામાન્ય કક્ષાના બાળકોની સામે (જી) એવો નિર્દેશ કરીને સામાન્ય પણે કકકાવારીના ક્રમમાં શાળાના નોટીસબોર્ડ પર મુકવાની રહેશે.

(ટ) વિના મુલ્યેની બેઠકો પર પ્રવેશ માટેની અરજીઓની સંખ્યા પ્રાપ્ય બેઠકો કરતાં ઓછી હશે તો પ્રાપ્ય અરજીઓમાંથી પ્રવેશ અપાશે અને ખાલી જગ્યાઓની વધુ અરજીઓ મેળવવા માટે ફરી કાર્યવાહી કરવામાં આવશે અને તેની જાણ જીલ્લા પ્રવેશ નિયમન સમિતિને કરવામાં આવશે.

(ઠ) વિના મુલ્યે પ્રવેશની બેઠકો સંદર્ભે સંબંધિત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા જીલ્લા શિક્ષણાધિકારીએ ફકરા (ક), (ઘ), (ઝ), (ટ) અને (ઠ) માં જણાવ્યા મુજબની તમામ આવી વિગતો તેની વેબસાઇટ/નોટીસ બોર્ડ પર મુકશે.

**૫. સામાન્ય શરતો :-**

(ક) શિક્ષણ અધિકાર અધિનિયમની ૧૩(૧) નો ભંગ કરે તેવી પ્રવેશના હેતુ માટે મા-બાપ કે બાળકોનો ઇન્ટરવ્યુ સલાહ સૂચન કે માર્ગદર્શન, લેખિત કે મૌખિક કસોટી જેવી સ્ક્રીનીંગ કાર્યવાહી યોજી શકાશે નહીં. અન્યથા શિક્ષણ અધિકાર અધિનિયમની કલમ-૧૩(૨)(બ) પ્રમાણે શાળા સામે દંડ કરવામાં

આવશે.

(ખ) દરેક શાળા તેના પડોશના વિસ્તાર કે વિસ્તૃત પડોશના વિસ્તારમાંથી આવેલ અરજી ધ્વારા નોંધ્યા પ્રમાણેના બાળકોમાંથી પ્રવેશ આપશે પરંતુ પ્રથમ અગ્રતા પડોશના વિસ્તારના બાળકોનેઆપશે. ત્યારબાદ વિસ્તૃત પડોશના વિસ્તારમાંથી પ્રવેશ આપી શકાશે.

(ગ) આ આદેશની જોગવાઇઓનું પાલન થાય તે શરતે શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તેને અંતર્ગત ઘડાયેલા નિયમો મુજબ શાળાના વડાએ વિના મુલ્યની બેઠકો પર પ્રવેશનું નિયમન કરવા માટે સંપુર્ણ જવાબદાર રહેશે.

(ઘ) પ્રવેશ માટેની પ્રક્રિયાના એકમોની પૂર્તતા માટે શાળાના વડા જવાબદાર રહેશે અને તેઓ આવી રીતે પ્રવેશ મેળવનાર બાળકોની યાદી, રજીસ્ટર અને અન્ય દસ્તાવેજોની ખરાઇ કરશે.

(ચ) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારીના કોઇ પણ અધિકૃત અધિકારી આવા પ્રવેશોની ખરાઇ કરી શકશે અને આવા પ્રવેશોની વિગતો/રિકર્ડ મંગાવી શકશે અને તે પુરા પાડવાની જવાબદારી શાળાના વડાની રહેશે.

(છ) ઉપર સુચવ્યું છે, તે અનુસાર શાળા પોતાની સત્તાવાર વેબસાઇટ પર પ્રવેશ મેળવનાર વિધાર્થીઓની વિગતો મુકશે અને પ્રવેશ મેળવનાર દરેક બાળકને પ્રવેશ હુકમ અપાશે.

(જ) જે શાળામાં બાળકને પ્રવેશ આપવામાં આવેલ હોય તે શાળા ધ્વારા બાળકનું રેકર્ડકાર્ડ બનાવશે અને શાળામાં જયાં સુધી અભ્યાસ કરે ત્યાં સુધીની તમામ વિગતોની નોંધ વખતો-વખત કરશે.

(ઝ) વિના મુલ્યે બેઠક પર પ્રવેશ પામેલ દરેક બાળકને જયાં સુધી તે આ ચોકકસ શાળામાં અભ્યાસ કરે ત્યાં સુધી વિના મુલ્યે શિક્ષણનો લાભ આપવામાં આવશે.

**૬.મફત બેઠક પર પ્રવેશ માટે જરુરી દસ્તાવેજો :-**

(ક) નબળા વિભાગના બાળકોના પ્રવેશ માટે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ બી.પી.એલ. રેશન કાર્ડ આવકના પુરાવા તરીકે માન્ય ગણશે.

(ખ) વંચિત જૂથ માટે બાળકના કે તેના માતાપિતાના નામે સક્ષમ અધિકારીએ આપેલ જાતિનું અને આવકનું પ્રમાણપત્ર માન્ય ગણાશે. જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અથવા અધિકૃત અધિકારી ધ્વારા અપાયેલ જાતિનું પ્રમાણપત્ર પણ વંચિત જૂથ માટે માન્ય ગણાશે.

(ગ) બાળકના રહેઠાણના પુરાવા તરીકે નીચે દર્શાવેલ દસ્તાવેજ પૈકીના કોઇ એક આધાર માન્ય ગણાશે.

(૧) મા-બાપના નામે અપાયેલું રેશનકાર્ડ કે જેમાં તે બાળકનું નામ હોય
(૨) મા-બાપ પૈકી એકનું મતદાર ઓળખપત્ર
(૩) વીજળી બીલ/પાણી બીલ/મા-બાપ કે બાળક પૈકી એકનો પાસપોર્ટ
(૪) આધાર કાર્ડ

(૫) સરકાર ધ્વારા અપાયેલ એવો અધિકૃત આધાર કે જેમાં બાળકના માતા-પિતાનું રહેઠાણનું સરનામું હોય.

(ઘ) બાળકના રહેઠાણ અને શાળા વચ્ચેના અંતર માટે સ્થાનિક પંચાયત તંત્ર (ગ્રામ પંચાયત/નગરપાલિકા/મહાનગરપાલિકા) નો દાખલો.

**૭. પ્રાયોગિક ધોરણો:-**

(ક) પ્રાયોગિક ધોરણે ૮(આઠ) મહાનગરપાલિકામાં આ યોજનાના અમલ તેમની સામે દર્શાવેલ સંખ્યા જેટલા બાળકોને પ્રવેશ આપી કરવાનો રહેશે. આ સંખ્યાની મર્યાદામાં સમાવિષ્ટ થઇ શકે તે માટે જિલ્લા કક્ષાએ નીચેના ઉચ્ચ અધિકારીઓની સમિતિ રચવામાં આવે છે. આ સમિતિએ નિર્ધારીત માપદંડોને ધ્યાનમાં લઇ પોતાના વિસ્તાર માટે નિયત થયેલ સંખ્યાનો સમાવેશ થઇ શકે તે માટે શાળાઓ સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અધ્યક્ષ
(૨) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
(૩) શાસના અધિકારીશ્રી
(૪) ચેરમેનશ્રી, નગર શિક્ષણ સમિતિ

પ્રાયોગિક યોજનામાં કઇ શાળાઓને લેવી તેનો નિર્ણય સમિતિ કરશે. આ માટે નીચે પ્રમાણે માપદંડો ધ્યાનમાં લેવાના રહેશે.

- મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાંથી શાળાઓ નકકી કરવાની રહેશે.
- સમગ્ર મહાનગરપાલિકાના તમામ વિસ્તારોનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તેનું ધ્યાન રાખવાનું રહેશે.
- તમામ પ્રકારની શાળાઓનું પ્રતિનિધિતવ જળવાઇ રહે તેનું ધ્યાન રાખવાનું રહેશે.

(ખ) શાળાના પગલાથી નારાજ મા-બાપ જીલ્લા પ્રવેશ નિયમન સમિતિને ફરીયાદ કરી શકશે.

(ગ) જીલ્લા પ્રવેશ નિયમન સમિતિ ફરીયાદોનું રજીસ્ટર/ડેટા બેઝ નિભાવશે અને નિકાલ માટે યોગ્ય પગલાં લેશે.

(ઘ) આ આદેશ/જાહેરનામાની પુર્તતાની તકેદારી માટે જીલ્લા પ્રવેશ નિયમન સમિતિ તેના કાર્યક્ષેત્ર હેઠળની કોઇપણ શાળામાંથી વિગતો મંગાવી શકશે.

(ચ) વિના મુલ્યે પ્રવેશની કાર્યવાહી સંદર્ભે અને અન્ય કાર્યવાહી સંદર્ભે મદદ કરવા માટે આ જીલ્લા પ્રવેશ નિયમન સમિતિ જીલ્લાની કચેરીએ એક હેલ્પ ડેસ્કની સ્થાપના કરશે. જિલ્લા/ઝોનના બે જાણકાર અધિકારીઓ તેનું કચેરી સમય દરમિયાન નિયંત્રણ કરશે. પ્રવેશ પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી આ હેલ્પ ડેસ્ક કાર્યરત રહેશે.

(છ) પ્રવેશની પ્રક્રિયા પુરી થાય તેના દશ દિવસમાં અપાયેલા પ્રવેશો અંગે શાળા નિયત નમુનામાં (જોડાણ-૪) સંબંધિત જીલ્લાની જીલ્લા પ્રવેશ નિયમન સમિતિને વાર્ષિક પત્ર મોકલશે.

૮. આર.ટી.ઇ. એકટ-૨૦૦૯ ની કલમ-૧૨(૨) પ્રમાણે મફત અને ફરજીયાત પ્રાથમિક

શિક્ષણ આ અધિનિયમ હેઠળ આપતી શાળા રાજય સરકાર ધ્વારા સરકારી શાળામાં બાળક દીઠ કરાયેલ ખર્ચ અથવા સંબંધિત શાળામાં બાળકદીઠ થતા ખરેખર ખર્ચની રકમ એ બે માંથી જે ઓછું હશે તે ખર્ચ સરકાર પાસેથી રીએમ્બર્સ (પરત ચુકવણી) મેળવી શકશે હાલ આ ખર્ચ વર્ષ ૨૦૧૧-૧૨ માટે મધ્યાહન ભોજન સિવાય વિધાર્થી દીઠ સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવશે. આ માટે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણના અધ્યક્ષ સ્થાને નિયામકશ્રી (પ્રા.શિ.) ના હિસાબી અધિકારીશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીના હિસાબી અધિકારીશ્રી, કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજના હિસાબી અધિકારીશ્રી અને નાણાં સલાહકારશ્રીની પેટા સમિતિ ધ્વારા દર વર્ષે નકકી કરવામાં આવશે. જે તે શાળામાં બાળકદીઠ ખર્ચ માટે જે તે શાળાના વાર્ષિક આવર્તિત ખર્ચને કુલ વિધાર્થી સંખ્યા વડે ભાગતાં જે ખર્ચ આવે તે શાળાના બાળકદીઠ ખર્ચ તરીકે માન્ય રહેશે.

એ શરતે કે, ચોકકસ સંખ્યામાં બાળકોને મફત શિક્ષણ આપતી શાળાના વિના મુલ્યે કે છુટછાટના દરે કોઇ જમીન, મકાન, સાધન સરંજામ કે અન્ય સગવડ અપાઇ નહીં હોય આવી વિના મુલ્યે છુટછાટના દરે સગવડ મેળવનાર શાળા રીએમ્બર્સમેન્ટ મેળવી શકશે નહીં.

આ ખર્ચ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણના અધ્યક્ષ સ્થાને, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણના હિસાબી અધિકારીશ્રી, સર્વ શિક્ષા અભિયાનના હિસાબી અધિકારીશ્રી, કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજનાના હિસાબી અધિકારીશ્રી તથા નાણાંકીય સલાહકારશ્રીની પેટા સમિતિ ધ્વારા દર વર્ષે નકકી કરવામાં આવશે.

(ક) શાળામાં થયેલ આવર્તિત ખર્ચ માટે અગાઉના શૈક્ષણિક વર્ષમાં થયેલ ખર્ચ કે જે ઓડીટમાં માન્ય રહયો હોય અને શૈક્ષણિક નિરીક્ષણ સમયે અધિકારીએ ગણતરી કરી માન્ય કરેલ હોય તે અધિકૃત ગણાશે.

(ખ) અનુદાનિત શાળાઓમાં વિના મુલ્યે પ્રવેશ મેળવેલ બાળકોની કોઇ પણ પ્રકારની ફી લઇ શકાશે નહીં.

(ગ) વિના મુલ્યે પ્રવેશ મેળવનાર વિધાર્થીઓને હાલ સરકારના મળવાપાત્ર ધોરણ મુજબ અન્ય વિભાગ ધ્યારા જે દરથી ગણવેશ માટે ગણવેશ સહાય ચુકવાય છે, તે દરથી બે જોડી ગણવેશ માટે ગણવેશ સહાય ચુકવવાની રહેશે. આ રકમમાં જે કઇ ઘટ રહે તે શાળાએ ભોગવવાની રહેશે.

(ઘ) સરકારશ્રી તરફથી મધ્યાહન ભોજન ધ્વારા વિધાર્થી દીઠ જે ખર્ચ નિયત કરવામાં આવેલ છે તેટલી રકમ ૨૦૦ દિવસ અથવા જેટલા દિવસ શાળા ચાલે તેટલા દિવસ લેખે મધ્યાહન ભોજન યોજના અમલી હોય તો શાળાને ચુકવવાની રહેશે.

દરેક શાળાનું ખર્ચ જુદુ જુદુ હોય અને તે શાળાવાર નકકી કરવાનું રહે. આ બાળકદીઠ કુલ ખર્ચ શાળાએ નકકી કરવાનું રહેશે અને તે ખર્ચના સમર્થનમાં પુરાવા સહિત જીલ્લા

પ્રાથમિક શિક્ષણાધિકારી/જીલ્લા શિક્ષણાધિકારીને પત્રક રુપે મોકલવાનું રહેશ. શૈક્ષણિક કર્મચારીઓના બેન્ક ખાતામાં ચુકવાયેલા પગારની વિગતો સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રમાણિત હિસાબોનું વાર્ષિક પત્રક શાળાએ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જીલ્લા શિક્ષણાધિકારીને મોકલવાનું રહેશે.

૧૦. શાળાએ રાષ્ટ્રીયકૃત બેન્કમાં રીએમ્બર્સમેન્ટ માટે ખાતું ખોલાવવાનું રહેશે.

૧૧. ગુજરાત સરકાર ગુજરાતમાં શાળા શિક્ષણના હિતમાં, સામાન્યપણે અને ખાસ કરીને આ આદેશની જોગવાઈઓના અમલીકરણના હેતુથી જરુર જણાય તો અને ત્યારે વખતોવખત સુચનાઓ/માર્ગદર્શક રુપરેખાઓ/સ્પષ્ટતાઓ જારી કરી શકશે.

૧૨. વિના મુલ્યે પ્રવેશની કામગીરીનું સામાજિક અન્વેષણ ( Social Audit ) જે તે જિલ્લાના કલેકટર/પ્રાંત અધિકારીએ કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ. ટી. શાહ )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર.
  નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.

- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- સચિવાલયના તમામ વિભાગ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ. /કોમ્પ્યુટર સેલ ઓનલાઈન મુકવા માટે.
- સિલેકટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

# જોડાણ–૧

| | | |
|---|---|---|
| ( સત્ર ૨૦.... –.... માટે પ્રવેશ કક્ષાના વર્ગોમાં પ્રવેશ માટે)<br><br>શાળાનું નામ :<br><br>પ્રવેશ કક્ષાએ બેઠકોની કુલ સંખ્યા | | |
| ૧ | પ્રાપ્ય બેઠકો | (ક) સામાન્ય બેઠકો : |
| | | (ખ) મફત બેઠકો : (કુલ બેઠકોના ઓછામાં ઓછા ૨૫ ટકા) |
| ૨ | પ્રવેશ ફોર્મ વિતરણ શરુ થવાની તારીખ | |
| ૩ | પ્રવેશ ફોર્મ વિતરણની છેલ્લી તારીખ | |
| ૪ | ભરાયેલા પ્રવેશ ફોર્મ પરત રજુ કરવાની શરુઆતની તારીખ | |
| ૫ | ભરાયેલા પ્રવેશ ફોર્મ રજુ કરવાની છેલ્લી તારીખ | |
| ૬ | ડ્રો લોટરીની તારીખ (જો અરજી ફોર્મ પ્રાપ્ય બેઠકોની સંખ્યા કરતાં વધારે હોય તો)* | |
| ૭ | ડ્રો માટે પાત્ર ઉમેદવારોની યાદી મૂકવાની તારીખ | |
| ૮ | પ્રથમ ડ્રો માં સફળ થયેલ ઉમેદવારોની યાદી અને પ્રતિક્ષાયાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | |
| ૯ | સફળ ઉમેદવારો માટે ફી ભરવાની છેલ્લી તારીખ | |
| ૧૦ | પ્રથમ પ્રતીક્ષા યાદીની ફી ભરવાની છેલ્લી તારીખ સાથે બીજી પ્રતીક્ષા યાદી મૂકવાની તારીખ | |
| ૧૧ | બીજી પ્રતીક્ષા યાદીની ફી ભરવાની છેલ્લી તારીખ સાથે ત્રીજી પ્રતીક્ષાયાદી મૂકવાની તારીખ | |
| ૧૨ | ત્રીજી પ્રતીક્ષા યાદીની ફી ભરવાની છેલ્લી તારીખ અને....એમ આગળ....... | |
| ૧૩ | પ્રવેશ બંધ થવાની છેલ્લી તારીખ | |

*નોંધ :– ડ્રો/લોટરી ધ્વારા જ પ્રવેશ આપી શકાશે. વહેલા તે પહેલાંનું ધોરણ રાખી શકાશે નહીં.બાળક/માબાપનો કોઈ સ્ક્રીનીંગ કે લેખિત ટેસ્ટ કે ઈન્ટરવ્યુ લેવનાશે નહીં.

# જોડાણ–૨

## વિના મુલ્યે પ્રવેશ હેઠળ પ્રવેશ માટેનું સામાન્ય અરજી પત્રક

નોંધણી નંબર : ક. નબળા વર્ગોનું જૂથઃ

(શાળા લખશે) ખ. વંચિત જૂથઃ

(લાગુ પડતું હોય તેની સામે ટીક કરો)

૧.શાળાનું નામ :

૨.બાળકનું નામ :

૩.માતાપિતાનું નામ

માતાનું નામ :

પિતાનું નામ :

૪.રહેણાંકનું સરનામુ :

૫.રહેઠાણનો સામેલ પુરાવો :

૬.માતા પિતાનો વ્યવસાય

માતાનો વ્યવસાય :

પિતાનો વ્યવસાય :

૭.તમામ સ્ત્રોતોમાંથી માતાપિતાની કુલ વાર્ષિક આવક :

૮.આવકનો દાખલો (બી.પી.એલ. સર્ટી.નો આધાર):

૯.વંચિત જૂથના હોવા અંગેનો પુરાવો :

### માતા-પિતા અથવા વાલીનું એકરારનામું

હું ......................................(માતા-પિતા/વાલીનું નામ)શ્રી..........................(બાળકનું નામ) નો પિતા-માતા/વાલી આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. મેં આ સંદર્ભમાં જાહેરનામાની તમામ જોગવાઈઓ વાંચી છે અને તે સમજેલ છું. જો ખરાઈ કરતાં કોઈ માહિતી ખોટી કે હકીકતથી વેગળી જણાય તો મારા બાળક/પાલ્યનો પ્રવેશ રદ થઈ શકશે.

(માતા-પિતા/વાલીની સહી )

# જોડાણ-૩

(માતા-પિતા/વાલીને આપવાની થતી) નોંધણી પાવતી

શ્રી-------------------------------------------(માતા-પિતા/વાલીનું નામ)

ના પુત્ર/પુત્રી શ્રી -------------------------(બાળકનું નામ) ની અરજી તારીખ-

------------ના રોજ મળેલ છે.

નોંધણી નંબર : વર્ગનું બાળક :

(પ્રવેશના ઇનચાર્જની સહી)
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા પ્રાથમિક
શિક્ષણાધિકારીશ્રી

# જોડાણ-૪

## વિના મુલ્યે પ્રવેશનું માહિતી પત્રક

શાળાનું નામ :
જિલ્લો :

| વર્ગ /ધોરણ | ધોરણવાર કુલ ખાલી જગાની સંખ્યા (૨૦ | વિના મુલ્યે પ્રવેશ હેઠળ ભરાયેલી કુલ જગાની સંખ્યા | વિના મુલ્યે પ્રવેશ હેઠળ હજી પ્રાપ્ય બેઠકોની સંખ્યા | વિના મુલ્યે પ્રવેશ હેઠળ મળેલી કુલ અરજીઓની સંખ્યા | જે તારીખ સુધી વિના મુલ્યે પ્રવેશ અરજીઓ મળેલી તે તારીખ | પ્રવેશની છેલ્લી તારીખ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧-અ | | | | | | | |
| ૧-બ | | | | | | | |
| ૧-ક | | | | | | | |
| ૧-ડ | | | | | | | |
| ૧-ઈ | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| કુલ જગાઓ | | | | | | | |

(પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયાના દશ દિવસમાં વાર્ષિક પત્રક સક્ષમ અધિકારીને મોકલી આપવાનું રહેશે.)

શાળા સંચાલકની સહી: